ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં આગળ વધવા માટેની તૈયારી

નવી દિલ્હી,તા.૧૦

સરકાર એનટીપીસીમાં ૯.૫ ટકા હિસ્સો વેચવાના વિકલ્પ ઉપર સક્રિયપણે વિચારણા કરી રહી છે. આ હિસ્સો વેચીને સરકાર ૧૩,૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં સરકાર છેલ્લા ઘણા સમયથી ઝડપથી આગળ વધી શકી નથી પરંતુ ડિસઈન્વેસ્ટમેન્ટને લઈને સરકાર કટિબદ્ધ છે. ઘણી કંપનીઓમાં હિસ્સો વેચીને જંગી રકમ ઊભી કરવાની સરકાર યોજના ધરાવે છે. હવે એનટીપીસીમાં હિસ્સો વેચવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. નજીકના સૂત્રોનું કહેવું છે કે એનટીપીસીમાં ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૧૩,૧૦૦ કરોડ જેટલી રકમ ઊભી થઈ શકે છે. સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન ૩૦,૦૦૦ કરોડ રૂપિયા ઊભા કરવાના લક્ષ્યને પહોંચી વળવાની યોજનાના ભાગરૂપે આશરે ૭૮.૩૩ કરોડ શેર અથવા તો ૯.૫ ટકા હિસ્સો વેચવા મક્કમ છે. સૂત્રોનું કહેવું છે કે સરકાર સ્ટોક એક્સચેન્જ મારફતે ઓફર ફોર સેલની રીતે હિસ્સો વેચવા માગે છે.

કંપનીમાં સરકાર હાલમાં ૮૪.૫ ટકા હિસ્સો ધરાવે છે જે ડિસઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવ્યા બાદ ઘટીને ૭૫ ટકા થઈ જશે. એનટીપીસી ૨૦૦૪માં આઈપીઓ બાદ પબ્લિક બની ગઈ હતી. વર્ષ ૨૦૦૯ બાદ સરકારે કંપનીં તેની હિસ્સેદારી વધુ ઘટાડી હતી. મળેલી માહિતી મુજબ એનટીપીસી દ્વારા હવે ચાર ટેન્ડરો તળતા મૂક્યા છે. ૧.૨૫ મિલિયન ટન કોલસાની આયાત માટે આ ટેન્ડરો રાખવામાં આવ્યા છે. આઠ-આઠ લાખ ટન માટે બે ટેન્ડરો તરતા મૂક્યા છે જ્યારે ૪ લાખ ટન કોલસાની આયાત માટે એક ટેન્ડર છે. એનટીપીસી કોલસાની આયાત વધારીને ૧૬ મિલિયન ટન સુધી લઈ જવા ઈચ્છુક છે.

નકારાત્મક વિચારધારા ભારતની પ્રતિષ્ઠાને નુકસાન કરી શકે છે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૧૦

જુદા જુદા ભ્રષ્ટાચારના કોંભાડોના કારણે હાલમાં ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યું હતું કે સરકાર પારદર્શકતા અને જવાબદારીની ખાતરી કરવા બનતા તમામ પગલા લેવા માટે કટિબદ્ધ છે. સિંહે કહ્યું હતું કે નકારાત્મક વિચારધારા ભારતની પ્રતિષ્ઠાને નુકસાન કરી શકે છે. સિંહે આજે વિવિધ મામલે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. સિંહે ભ્રષ્ટાચારના મામલે નકારાત્મકતા અને નિરાશાવાદી માહોલ બનાવવાની ટિકા કરી હતી. સિંહે સંકેત આપ્યો હતો કે ભ્રષ્ટાચાર વિરોધી કાયદામાં સુધારા કરવામાં આવશે. ભ્રષ્ટાચારને રોકવા માટે કેટલીક નવી જોગવાઈ ઉમેરવાની તેમણે વાત કરી હતી. લાંચ રૂશ્વત પર અંકુશ મુકવાના હેતુસર કોર્પોરેટ

નિષ્ફળતાને એક નવા અપરાધ તરીકે સામેલ કરવામાં આવશે સાથે સાથે લાંચને રોકવામાં નિષ્ફળ રહેનાર કંપનીઓને પણ સજા કરવામાં આવશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સીબીઆઈ અને રાજ્ય ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોની ૧૯મી પરિષદમાં બોલતા તેમણે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરોધી કાયદામાં હવે સુધારો કરવામાં આવશે.સિંહે કહ્યું હતું કે ભ્રષ્ટાચારના મામલે નકારાત્મકતા અને નિરાશાવાદનું ચિત્ર ઉભુ કરવામાં આવી રહ્યું છે. આનાથી અમને કોઈ ફાયદો થશ નહી. આનાથી દેશની પ્રતિષ્ઠાને નુકસાન થશે. સાથે સાથે કારોબારા જુસ્સા પર માઠી અસર થશે. ભ્રષ્ટાચારના મામલે વિપક્ષ અને સામાજિક કાર્યકરો તરફથી તેમની સરકાર પર કરવામાં આવી રહેલા પ્રહારો વચ્ચે સિંહે કહ્યું હતું કે સુધારાઓ મારફતે ભ્રષ્ટાચારની એક સ્પષ્ટ અને નક્કર પરિભાષા આપવામાં આવશે. ભ્રષ્ટાચાર વિરોધી કાયદાની તિરાડો ભરવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરના વ્યવસ્થા ઉભી કરવાના પ્રયાસો કરવાનો દાવો તેમણે કર્યો હતો.

વડાપ્રધાને કહ્યું હતું કે અનુભવતી જાણવા મળ્યું છે કે મોટા પાયે થનાર ભ્રષ્ટાચાર મોટા ભાગે મોટા વાણિજ્ય સંસ્થાઓની કામગારી સાથે જોડાયેલા રહ્યા છે. ભ્રષ્ટાચાર શબ્દ માટે એક સ્પષ્ટ પરિભાષા આપવામાં આવશે. તાજેતરના વર્ષોમાં સરકારી પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. સરકાર એકપછી એક કોંભાડોના કારણે મુશ્કેલમાં અને દબાણ હેઠળ રહી છે. સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી સ્પેક્ટ્રમ કાંડ, કોમનવેલ્થ કોંભાંડના કારમે સરકારને ભારે નુકસાન થયું છે. કોલસા ભ્લોક ફાળવણી કાંડના કારણે સરકારની પ્રતિષ્ઠા વૈશ્વિક મંચ પર ખોરવાઈ ગઈ છે.

ઈન્ડિયા અગેંસ્ટ કરપ્શનના સભ્ય અરવિન્દ કેજરીવાલે છેલ્લે તીવ્ર પ્રહારો કરીને સરકાર સામે પ્રશ્નો ઉઠાવ્યા છે.સિંહના નિવેદનની અધિકારીઓમાં ભારે ચર્ચા રહી હતી.

ટેકો પાછો ખેંચવા અંગે યોગ્ય સમયમાં ફેંસલો કરાશે

લખનૌ,તા. ૧૦

બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ આજે કહ્યું હતું કે યુપીએ સરકારને ટેકો પાછો ખેંચી લેવા અંગે યોગ્ય સમયએ નિર્ણય કરવામાં આવશે. આનો મતલબ એ થયો કે હાલમાં કેન્દ્ર સરકારને માયાવતીનો ટેકો યથાવત રીતે જારી રહેશે. માયાવતીના આજના નિર્ણયની સાથે જ સરકારને મોટી રાહત થઈ છે. કેન્દ્ર સરકારને ટેકો જારી રાખવાના પ્રશ્ને માયાવતીએ કહ્યું હતું કે પાર્ટીએ યોગ્ય સમય નિર્ણય લેવાની તેમને સત્તા આપી છે. પક્ષની કારોબારી બેઠક બાદ માયાવતીએ પત્રકાર પરિષદમાં સંબોધન કરતા કહ્યું હતું કે પાર્ટીની કારોબારી અને

પક્ષના સંસદીય બોર્ડે સમર્થન મામલે અંતિમ નિર્ણય લેવા તેમને સત્તા આપી છે. હવે તમામ પાસાઓ પર વિચારણા કરવામાં આવ્યા બાદ યોગ્ય નિર્ણય કરવામાં આવશે. માયાવતીએ વધુમાં કહ્યું હતું કે પાર્ટીએ નિર્ણય લેવાની જવાબદારી તેમને સોંપી છે. પક્ષના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ટુંક સમયમાં યોગ્ય નિર્ણય કરવામાં આવશે. આજે સવારથી ચર્ચા હતી કે માયાવતી સરકારને ટેકો પાછો ખેંચી લેશે. કારણ કે સરકારના અનેક નિર્ણયોથી માયાવતી પહેલાથી નારાજ હતા. ટિકાકારોએ કહ્યું છે કે માયાવતીનો આ નિર્ણય રાજકીય છે. તેમના આ નિર્ણયથી કોંગ્રેસની સરકાર પર સતત દબાણ રહેશે. પાર્ટીના કાર્યકરોને પણ સંકેત આપી દેવામાં આવ્યો છે કે ચૂંટણી કોઈ પણ સમયમાં યોજાઈ શકે છે. માયાવતીએ આજે ફરી એકવાર કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી કોઈ પણ સમય યોજાઈ શકે છે. આના કારણે ચૂટંણી માટે તૈયાર રહેવાની જરૂર છે. યુપીએ સરકારની પાસે હાલમાં તેના ૨૫૪ સાંસદ છે. જ્યારે બહારથી ટેકો આપી આપી રહેલા સમાજવાદી પાર્ટીના સભ્યો ૨૨ અને બસપના ૨૧ છે. આરજેડીના ચાર સભ્યો પણ સામેલ છે.

મેચ ફિક્સિંગમાં સામેલ છ અમ્પાયરને સસ્પેન્ડ કરાયા

દુબઈ, તા. ૧૦

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ ટીવી સ્ટીંગ ઓપરેશનમાં પકડાયેલ છ અમ્પાયરોને તાકીદે સસ્પેન્ડ કરી દીધા છે.સ્ટિંગ ઓપરેશનમાં અમ્પાયરોની મેચ ફિક્સિંગમાં સંડોવણી બહાર આવ્યા બાદ આઈસીસીએ કેસની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધીમાં તમામ છ અમ્પાયરોને સસ્પેન્ડ કર્યા છે. નોંધનીય છે કે એક ટીવી ચેનલે કરેલા સ્ટિંગ ઓપરેશનમાં છ અમ્પાયરોને ફિક્સીંગ કરવા માટે સહમતિ દેખાડતા દર્શાવવામાં આવ્યા હતા.આઈસીસીએ કહ્યું કે બોર્ડની બેઠકમાં તમામ સભ્યોએ નિર્ણય કર્યો છે કે કેસની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્ટિંગ ઓપરેશનમાં પકડાયેલા કોઈપણ અમ્પાયર્સને સ્થાનિક અથવા આંતરરાષ્ટ્રીય મેચમાં અમ્પાયરીંગ કરવા દેવામાં નહીં આવે.શ્રીલંકા ક્રિકેટ બોર્ડના મુખ્ય કાર્યકારી અજિત જયશેરાએ કહ્યું કે તે પણ સ્ટિંગ ઓપરેશન પર તપાસ કરી રહ્યા છે તેમજ સ્થાનિત એન્ટી કરપ્શન એજન્સી પણ આ મામલે આઈસીસી સાથે કામ કરશે.સ્ટિંગ ઓપરેશનમાં દેખાડવામાં આવેલા અમ્પાયરોમાં પાકિસ્તાનના નદીમ ગૌરી અને અનીસ સિદ્દીકી, બાંગ્લાદેશનો નાદિર શાહ, શ્રીલંકાનો ગામિની દિશાનાયક, મૌરિસ વિંસ્ટન અને સાગરા ગાલાગે સામેલ છે.આ મામલે તમામ અમ્પાયરોએ તેમના પણ લાગેલા આરોપો નકારતા કહ્યું કે ન્યૂઝ ચેનલ તેમને ફસાવી રહી છે.

પૂર્વ મુખ્યપ્રધાન યેદીયુરપ્પા નવો પક્ષ બનાવવા સુસજ્જ

બેંગલુરૂ, તા. ૧૦

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના અગ્રણી નેતા યેદીયુરપ્પા હાઈકમાન્ડના વલણથી નારાજ થઈને નવો પક્ષ બનાવવા માટેની તૈયારી કરી ચુક્યા છે. નવો પક્ષ બનાવીને તેઓ ભાજપને આવનાર દિવસોમાં પડકાર ફેંકવાની પણ તૈયારીમાં છે. જેથી કર્ણાટકમાં ભાજપને આગામી દિવસોમાં પડકારરૂપ સ્થિતીનો સામનો કરવો પડી શકે છે. ડિસેમ્બરમાં યેદીયુરપ્પા નવા પક્ષની રચનાની જાહેરાત કરી શકે છે. યેદીયુરપ્પા ઘણા સમયથી પણ છોડવાનો સંકેત આપી ચૂક્યા છે. યેદીયુરપ્પા હવે ભાજપ હાઈકમાન્ડના સાથે સમજૂતી કરવાના મૂડમાં નથી. પક્ષના કેન્દ્રીય નેતૃત્વ સાથે કોઈપણ પ્રકારના સમાધાનનો ઈન્કાર કરતાં થોડાં દિવસો પહેલાં જ કર્ણાટકમાં ભાજપના દિગ્ગજ નેતા વી એસ યેદીયુરપ્પાએ કહ્યું હતુ કે, તેઓ નવો પક્ષ બનાવવા અંગે વિચારણા કરી રહ્યા છે. પત્રકારો સાથે વાતચીત કરતા યેદીયુરપ્પાએ કહ્યું હતુ કે કોઈપણ રાષ્ટ્રીય પક્ષમાં સામેલ નહીં થાઉ. શક્ય છે કે નવો પક્ષ બનાવું. ડિસેમ્બરમાં રાજ્યનો પ્રવાસ કર્યા બાદ નવા પક્ષની રચના અંગે નિર્ણય કરીશ. અગાઉ અહેવાલ આવ્યા હતા કે યેદીયુરપ્પા જનતા પાર્ટી, સમાજવાદી પાર્ટી, અથવા તો જનતાદળ યુનાઈટેડમાં સામેલ થવાના વિકલ્પ પર વિચારણા કરી રહ્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ખાણ-ખનિજ કૌભાંડમાં લોકાયુક્તની તપાસમાં વી એસ યેદીયુરપ્પાનું નામ બહાર આવતા ભાજપે તેમને મુખ્યમંત્રી પદેથી ખસેડીને ડી. સદાનંદ ગૌડાને મુખ્યમંત્રી બનાવ્યા હતા.

શેરબજારમાં મંદી : ફરીવાર ૧૬૨ પોઈન્ટનો ઘટાડો થયો

મુંબઈ,તા.૧૦

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. વૈશ્વિક બજારોમાં મંદીની સીધી અસર શેરબજાર પર જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સમાં ૧૬૨ પોઈન્ટનો મોટો ઘટાડો નોંધાયો હતો જેથી તેની સપાટી ૧૮૬૩૧ નોંધાઈ હતી. જ્યારે નિફ્ટીમાં ૫૨ પોઈન્ટનો ઘટાડો થતા તેની સપાટી ૫૬૫૨ નોંધાઈ હતી. રોકાણકારો હાલમાં વિશ્વના આર્થિક ચિત્રને લઈને દિશાહિન થયેલા છે. એશિયન બજારોમાં પણ અફડાતફડી જોવા મળી હતી. નિક્કીમાં બે ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૮૫૯૬ નોંધાઈ હતી. જ્યારે શંઘાઈ કમ્પોઝીટ અને હેંગસેંગમાં ઘટાડો રહ્યો હતો. દરમિયાન અમેરિકાના ટિમોથી ગેથનર અને ફેડરલ રીઝર્વના ચેરમેન બેન બરનાઈકે આજે કોર્પોરેટ લીડરોને મળ્યા હતા. ભારતીય કોર્પોરેટ લીડરો સાથેની તેમની બેઠકને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. એફએમસીજી સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં નકારાત્મક ચિત્ર રહ્યું હતું. રિલાલિટી ઈન્ડેક્સમાં ૪.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. પાવર, કેપિટલ ગુડ્સ, બેંકિંગ અને પીએસયુ ઈન્ડેક્સમાં ૧-૨ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. ભેલમાં બે ટકાનો મોટો કડાકો બોલી ગયો હતો. એસબીઆઈના શેરમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. તેમાં ૨.૩ ટકાનો ઘટાડો નોંધાતા તેના શેરની કિંમત ઘટીને ૨૨૨૭ થઈ ગઈ હતી. અન્ય બેંકિંગ શેરમાં મંદીના કારણે બેન્ચમાર્ક નીચે પહોંચ્યો હતો. અન્ય જે શેરમાં મોટો કડાકો રહ્યો હતો તેમાં તાતા પાવર, હિલ્ડાલ્કો, ભેલ અને એનટીપીસીનો સમાવેશ થાય છે.

સ્પીડ પોસ્ટના રેટમાં ૫૬ ટકા સુધી નોંધપાત્ર વધારો

મુંબઈ,તા. ૧૦

ટપાલ વિભાગે પણ સ્પીડ પોસ્ટના રેટમાં પહેલી ઓક્ટોબરથી ૪૨-૫૬ ટકા સુધીનો વધારો કરી દીધો છે. વર્ષ ૨૦૦૭ બાદથી પ્રથમ વખત ટેરિફમાં વધારો કરી દેવામાં આવ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સ્થાનિક

ચાર્જ સર્વિસ ટેક્સ સહિત ૧૨ રૂપિયાથી વધારીને ૧૭ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. જ્યારે વન ઈન્ડિયા ટેરિફ ૨૫ રૂપિયાથી વધીને ૩૯ રૂપિયા થઈ ગયો છે. વિભાગ દરેક વિસ્પેચ પર ૫૪ રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ તે નુકસાનનો મોટો હિસ્સો પોતે ઉપાડી લે છે. સ્પીડ પોસ્ટનો ચોક્કસ સંસ્થાઓ દ્વારા સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે. જેમાં સંસ્થાકીય યુજરોનો સમાવેશ થાય છે. ઉપરાંત કાયદા સાથે સંકળાયેલી કંપનીઓ અને કોર્પોરેટ કંપનીઓ દ્વારા તેનો ઉપયોગ સૌથી વદારે કરવામાં આવે છે. આ પ્રકારની સંસ્થાઓ દ્વારા વ્યાપક પ્રમાણમાં મેઈલ મોકલવામાં ાવે છે. સ્પીડ પોસ્ટ દ્વારા મોટી સંખ્યામાં કંપનીઓ તેમના કાગળો મોકલે છે. કુરિયરની સરખામણીમાં તેમાં ખર્ચ ઓછો થાય છે. મંગળવારના દિવસે વર્લ્ડ પોસ્ટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. તે જ દિવસે ટપાલ વિભાગે કેટલીક પોસ્ટ ઓફિસમાં એટીએમ સ્થાપિત કરવા માટે કહ્યું હતું. કેટલીક જગ્યાએ બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ છે. વર્લ્ડ પોસ્ટ ડેના પ્રસંગે તેની ઉજવણી કરવામાં આવી હતી.

તાજેતરના સમયમાં તમામ ચીજવસ્તુઓ વધુ મોંઘી બની રહી છે. ત્યારે હવે સ્પીડ પોસ્ટના રેટમાં પણ વધારો કરવામાં આવ્યો છે. સ્પીડ પોસ્ટના રેટમાં વધારો થતા જે સંસ્થાઓ દ્વારા આનો વધારે ઉપયોગ કરવામાં આવે છે તે સંસ્થાઓને ફટકો પડી શકે છે. વર્ષ ૨૦૦૭ બાદથી સ્પીડ પોસ્ટના રેટમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો જેથી તેનો ઉપયોગ પણ સતત વધી રહ્યો હતો પરંતુ હવે તેની સામે પણ પડકારરૂપ સ્થિતી સર્જાશે. આવનાર દિવસોમાં તેની કુરિયર સેવા સાથે સ્પર્ધા થશે. કુરિયર સેવા પહેલાથી પ્રમાણમાં મોંઘી છે.

ચિદમ્બરમ-જયંતિ નટરાજન એનઆઈબી મામલે આમને સામને

મુંબઈ,તા.૧૦

યુપીએ સરકારના બે પ્રધાનો વચ્ચે વધુ એક ખેંચતાણ સપાટી ઉપર આવી ગઈ છે. આ વખતે કઠોર શબ્દોમાં એક પત્ર વડાપ્રધાન મનમોહનસિંહને પર્યાવરણ પ્રધાન જયંતી નટરાજને લખ્યો છે. નટરાજને તેમના મંત્રાલય પાસેથી જરૂરી લીલીઝંડી મેળવ્યા વગર મેગા પ્રોજેક્ટોને મંજૂરી આપવા નેશનલ ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ (એનઆઈબી)ને સત્તા આપવાની હિલચાલનો જોરદાર વિરોધ કર્યો છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ નેશનલ ઈન્વેસ્ટમેન્ટ બોર્ડની રચના કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. તેની જવાબદારી મોટા મૂડીરોકાણને આવરી લેતા પ્રોજેક્ટોને ઝડપી મંજૂરી આપવા માટેની છે. નટરાજને આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. બોર્ડ દ્વારા એક વખત મંજૂરી આપી દેવામાં આવ્યા બાદ કોઈપણ મંત્રાલય તેને રોકી શકશે નહીં તેવી વાત ચિદમ્બરમ્ દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થા પાસે જરૂરી સત્તાઓ રહેશે તેવી વાત પણ કરવામાં આવી હતી. નટરાજનના જણાવ્યા મુજબ નેશનલ ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ દ્વારા હવે પર્યાવરણ મંત્રાલયની સત્તાઓની અવગણના કરવામાં આવશે. આની રૂપરેખા સ્વીકાર્ય નથી. એનઆઈબી કોઈ બંધારણીય સત્તા નથી જે કોઈ પ્રધાનની નિષ્ફળતા અંગે નિર્ણય કરી શકે. નટરાજને પત્રમાં અનેક વાંધાઓ ઉઠાવ્યા છે. આવનાર દિવસોમાં ચિદમ્બરમ્-નટરાજ વચ્ચે ખેચતાણ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. સૂચિત ફેરફારના દુરગામી પરિણામો આવી શકે છે. જો પર્યાવરણ મંત્રાલયના નિર્ણયની એનઆઈબી દ્વારા અવગણના કરવામાં આવશે તો વધુ હોબાળો થશે. સૂચિત એનઆઈબી અંગે એક કેબિનેટ નોંધનો મુસદો તૈયાર કરી દેવામાં આવ્યો છે જેને મંત્રીઓમાં ટૂંકમાં જ આપવામાં આવશે. સૂચિત એનઆઈબીનું નેતૃત્વ નાણાંમંત્રી ચિદમ્બરમ્ કરનાર છે. ઉદ્યોગ જગત અને કેટલાક કેન્દ્રીય મંત્રાલયો દ્વારા એવી વ્યાપક ફરિયાદો કરવામાં આવી હતી કે પર્યાવરણના કાયદાઓ અને લીલીઝંડી મળવાના વિલંબના કારણે ઘણા પ્રોજેક્ટો અટવાઈ પડ્યા છે. આના લીધે આર્થિક વિકાસને માઠી અસર થઈ છે. આ વર્ષે જૂન મહિનામાં વડાપ્રધાન સિંહે ૧૦૦૦ કરોડથી વધુના મૂડીરોકાણને આવરી લેતા મોટા પ્રોજેક્ટોના અમલીકરણ માટે એક ઈન્વેસ્ટમેન્ટ ટ્રેકીંગ સિસ્ટમને મંજૂરી આપી હતી.

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને લઈને જોરદાર સ્પર્ધા

વોશિંગ્ટન,તા.૧૦

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને લઈને જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. બરાક ઓબામાના ચૂંટણી પ્રચાર અભિયાનના પ્રવક્તા જેન સાકીએ કહ્યું છે કે પોતાની અગાઉની ચર્ચાઓમાંથી બોધપાઠ લઈને ડેમોક્રેટીક પાર્ટીના ઉમેદવાર અને પ્રમુખ બરાક ઓબામા આગામી સપ્તાહમાં ન્યૂયોર્કમાં થનારી ચર્ચાને લઈનેતૈયારી કરી રહ્યા છે. રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર અને મુખ્ય હરીફ મિટ રોમની અને બરાક ઓબામા વચ્ચે આગામી સપ્તાહમાં પ્રમુખની ચર્ચામાં તમામની નજર કેન્દ્રીત રહેશે. આ વખતે ઓબામામાં વધુ આત્મવિશ્વાસ દેખાઈ રહ્યો છે. ઓબામાની સાથે અમેરિકી હવાઈદળના વિમાનમાં યાત્રા દરમિયાન જેન સાકીએ કહ્યું હતું કે પ્રથમ ચર્ચામાં અમને જે સૌથી મહત્વપૂર્ણ બાબત જાણવા મળી છે તે બાબતને ધ્યાનમાં લઈશું. મિટ રોમની ચર્ચા કરવાના મામલામાં કેવા છે તે બાબત જાણવા મળી છે. ચોક્કસપણે બરાક ઓબામા આગામી ચર્ચામાં આ બાબતોને ધ્યાનમાં લેશે.

૧૬મી ઓક્ટોબરના દિવસે ન્યૂયોર્કના લોંગ આઈલેન્ડમાં હોફસ્ટ્રા યુનિવર્સિટી કેમ્પર્સમાં બીજી ચર્ચાની તૈયારી માટે ઓબામા પોતાનો થોડોક સમય પોતાની ટીમ સાથે પણ આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીની પ્રક્રિયા દરમિયાન બંને પક્ષો વચ્ચે કુલ ત્રણ વખત ચર્ચાઓ થાય છે. જેનનું કહેવું છે કે ઓબામા ખૂબ જ ઝીણવટભરી રીતે રોમનીના ભાષણમાં પણ અભ્યાસ કરી રહ્યા છે. જ્યારે પણ તેઓ આગામી ચર્ચામાં ભાગ લેશે ત્યારે અગાઉની ચર્ચામાંથી લીધેલા બોધપાઠને ધ્યાનમાં લેશે. નવેમ્બર મહિનામાં અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે. રિપબ્લિકન અને ડેમોક્રેટીક પાર્ટી બંને અમેરિકન લોકોને પ્રભાવિત કરવા પ્રયાસ કરી રહ્યા છે. એકબાજુ બરાક ઓબામા બીજી વખત ચૂંટણી જીતવા મક્કમ છે. જ્યારે રોમની જુદા જુદા મુદ્દાઓને આગળ મૂકીને ઓબામા વહીવટી તંત્રની ખામીએ સપાટી ઉપર લાવી રહ્યા છે.

સમાચાર ઝલક

- ગેસનો ત્રણ ગણો ભાવ કરવા અંબાણીની માંગણી નકારાઇ.
- ભારતમાં છેલ્લા ચાર જ વર્ષમાં ૬૪,૩૭૦ નોકરીની તકો સર્જાઇ.
- ૨૦૧૧ના વર્ષમાં ગુજરાત સહિત ભારતભરમાં ટેકનિકલ શિક્ષણનો ખાત્મો, ૫૨ ઇજનેરી, ૨૨૫ મેનેજમેન્ટ સંસ્થા ઓને તાળા વાગ્યા.
- ૧ ટકો ટેક્સ બચાવવા ૧૬૦ કરોડનું સોનું જોખમમાં મુક્યું.
- ગુજરાતની ૧૩૩૭ પોસ્ટ ઓફિસમાં હવે ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સુવિધા.
- પાલનપુરની નર્સિંગ હોસ્ટેલમાં ભૂતનાં ડરથી છાત્રાઓ ઘરે જતી રહી !
- ગુજરાત લોકાયુક્ત નિમણૂંક મામલો સુપ્રીમમાં, સુનાવણી નવેમ્બરમાં.
- રાજ્યનાં ૧૦ હજાર કરોડથી વધુ નવાં પ્રોજેક્ટ્સ અટવાયા.
- બુકીઓમાં ગુજરાત વિધાનસભામાં ભાજપ હોટ ફેવરીટ.
- ચૂંટણીએ કર્મચારીઓની દિવાળી બગાડી, રજાઓ પર પ્રતિબંધ આવતા કર્મચારીઓનાં આયોજનો અટવાયાં.
- ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત બિહારના પોલીસ કર્મચારીઓ પાંચ દિવસની લીવ પર.
- ગ્લોબલ વોર્મિંગનાં કારણે ચોમાસું લંબાશે, હવામાનખાતું પણ નક્કી કરી શકતું નથી.
- સબસીડીવાળા એક પણ ગેસ સિલીન્ડર નહીં વાપરનાર ગ્રાહકોનું સન્માન થશે.
- રાજકોટમાં સિંધી યુવતીને નોકરીની લાલચ આપી ગુજારેલો બળાત્કાર.
- મોંઘવારીનો માર લોકોના તહેવાર બગાડશે : એસોચમનો અહેવાલ.
- કોઇ પણ કોર્ટ કેસનો મહત્તમ પાંચ વર્ષમાં નિકાલ આવશે.
- રોબર્ટ વાઢરાની સંપત્તિ ૧૧,૦૦૦ કરોડની હોવાનો ધડાકો.

સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે ચીનને જીતવાની તક મળશે નહીં

વોશિંગ્ટન,તા.૧૦

ન્યૂયોર્કમાં પ્રમુખની ચૂંટણી પહેલા થનારી પ્રેસીડેંશિયલ ચર્ચા પહેલાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ કહ્યું છે કે અમેરિકા સ્વચ્છ ઊર્જા ટેકનોલોજીની સ્પર્ધામાં ચીનને ક્યારેય પણ આગળ જવાની તક આપશે નહીં. તેઓ ચીન જેવા દેશો કરતા પહેલાં ટેકનોલોજી વિકસિત કરવા માટે સતત ભાર મૂકતા રહ્યા છે. ઓહિયોમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ઓબામાએ કહ્યું હતું કે તેલ કંપનીઓને દર વર્ષે ચાર અબજ ડૉલરની કમાણી કરવાની તેઓ તક આપશે નહીં. ચીનને સ્વચ્છ ઉર્જા ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ જવાની કોઈ તક અપાશે નહીં. ઓબામાએ કહ્યું હતું કે કાર્બન પ્રદૂષણને ઘટાડવા માટે તેઓ કટિબદ્ધ છે. કારણ કે આમાથી પૃથ્વીના તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. તેઓ માને છે કે પરિવર્તન કોઈ ખોટી બાબત નથી. ઓબામાનું કહેવું છે કે વધારે પ્રમાણમાં પૂર, દુષ્કાળની સ્થિતિ અને વન્ય વિસ્તારોમાં આગ લાગવા જેવી બાબત સામાન્ય નથી. આ તમામ બાબતો ભવિષ્ય માટે ખતરારૂપ છે. આના ઉપર કાબૂ મેળવવામાં આવે તે જરૂરી છે. ઓબામાએ કહ્યું હતું કે અમારી પાસે દુનિયાની સૌથી શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થા હોવી જોઈએ. ઓબામાના નિવેદનને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

મુક્તિ (પાના નં. ૪ નું ચાલુ)

એકીટશે પરેશને જોઇ રહેલાં તેમની આંખોમાં અને મનમાં કસોક સળવળાટ થયો. મનનો એક ધક્કો તેમના શરીરમાં પ્રસરી રહ્યો. મનના એ વિચાર વંટોળમાં તેઓ ઘેરાવા લાગ્યાં. જાણે આ સઘળી સમસ્યાઓનો હલ મળી ગયો હોય તેમ તેઓના ચહેરા ઉપરથી વર્તાતું હતું. કોઇ સખત નિર્મમ નિશ્ચય ઉપર તેઓ આવ્યાં હતાં. ધીરેથી તે પુત્ર પરેશની નજીક સરક્યાં. આંખો દળદળ વરસતી હતી. હૈયું કાંપતું હતું. હાથ અને પગ ધ્રૂજતા હતા. હળવે હાથે પુત્રને માથે વ્હાલ વરસાવ્યું. ચુંબનોની ઝડી વરસાવી. અને ભારે અને મક્કમ મને પરેશની ઓક્સિજન પાઇપ ખેંચ કાઢી.

પરેશનું નિશ્ચેતન જેવું શરીર સહેજે જાગૃત બન્યું, પગ સહેજ હલ્યા. હાથની આંગળીઓ અક્કડ બની, નાક ફૂલવા લાગ્યું, આંખમાં ખૂણે પાણી આવ્યું અને ક્ષણવાર પછી આ બધું શાંત બની ગયું.

પરેશની માએ પાછી ઓક્સિજન પાઇપ ગોઠવી. અને પછી રૂદનનાં બંધ છૂટી ગયા. મદારાદે દવાખાનું જીવતું થયું. સૌ દોડી આવ્યાં. પરેશ મૃત જાહેર થયો. ઘેર સમાચાર પ્રસરી ગયા હતા.

એક માનું નિર્દયી પગલું પરિવાર માટે કદાચ આશીર્વાદ રૂપ નીવડવાનું હતું. માના આ નિર્ણયથી પરેશને તથા પરિવારને સૌને "મુક્તિ" મળી હતી.